Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

# વિવિધતામાં એકતા- 'મનોરથ' અને 'સંકટ' સંદર્ભે

Dr.Aarti Bharatkumar Panchal

---

આપણો દેશ એ દેશ છે જ્યાં કુદરતે મોકળા મને પોતાની અપાર સંપત્તિ વેરી છે. અનેક નદીઓએ પોતાના નીરથી આપણા દેશની ધરતીને મહેકાવી છે. ભારતીય સંસ્કૃતિની વાત કરીએ તો આપણી સંસ્કૃતિ સૌથી પ્રાચીન સંસ્કૃતિ છે. અન્ય દેશોની તુલનાએ આપણી સંસ્કૃતિ આદિકાળથી પરંપરાગત અસ્તિત્વ સાથે જીવંત રહી છે. સાથે જ ભારતીય ભાષા અને સાહિત્યને વિશ્વમાં સૌથી પ્રાચીન માનવામાં આવે છે. ભાષા અને સાહિત્ય સાંસ્કૃતિક વિવિધતા માટે મહત્વનુ તત્વ છે. આખા દેશની એકતા એના પર નિર્ધારિત છે.

અલગ અલગ પહેરવેશ, સંગીત, નૃત્ય વગેરેને અપનાવી બધાને આશરો આપનાર ભારત દેશ અપાર બોલીઓ અને ભાષાઓથી ભરપૂર છે. અલગ અલગ પ્રાંત અને એની ભાષા ,સંસ્કાર, ધર્મ, બોલી વગેરેમાં વિવિધતા છે છતાંય આપણો દેશ એક છે એનુ કારણ આપણી અનેરી સંસ્કૃતિ છે.

આજે આઝાદીનાં ૭૮માં વર્ષે આપણે ભારત દેશને મળેલી સ્વતંત્રતા વિશે વિચારીએ તો સમજી શકાય કે આપણી એકતાના કારણે જ આપણે ગાંધીજી સાથે રહી નિઃશસ્ત્ર લડાઈમાં ભાગીદાર થયાં અને આઝાદી મેળવી શક્યાં. વિવિધતાભર્યાં વાતાવરણમાં પણ એકતામય જીવન જીવવાની ક્ષમતા આપણો દેશ ધરાવે છે.

અનેક વર્ષો સુધી ભારતમાં વિવિધ પ્રદેશનાં લોકો સંશોધકો, વેપારીઓ, પ્રવાસીઓ, પાદરીઓ, શરણાર્થીઓ, ધર્મપ્રચારકો વગેરેના રૂપમાં આવ્યાં છે. એ બધાં જ પોતાની સાથે તેમના રીતિ-રિવાજો તેમજ પરંપરાઓ લઈને આવ્યાં છે. શક્ય છે કે શરૂઆતમાં વિવાદો-મતભેદો થયાં હોય પરંતુ ભારતમાં એ ક્ષમતા હતી કે એ આવાં વિવાદો-મતભેદોને પોતાની અંદર સમાવીને સતત વિકાસ કરી શકે.

ભારતને કેટલીય સભ્યતાઓનો સામનો કરવો પડ્યો હતો જેમાં પ્રથમ સભ્યતા હતી ઈસ્લામિક સભ્યતા અને બીજી હતી ઈસાઈ સભ્યતા. એ સમયે ભારતમાં અનેક સામાજિક,

સાંસ્કૃતિક બદલાવો આવ્યાં હતાં પરંતુ ભારતે એમના પ્રત્યે કોઈ જ શત્રુતા કે અન્ય અવળી પ્રતિક્રિયા દર્શાવી ન હતી. એ કારણે ભારતમાં ઇસ્લામ અને ઈસાઈ ધર્મમાં જે કાંઈ પણ શ્રેષ્ઠ હતું એ તમામ, ભારતીય જીવન પધ્ધતિમાં પણ સમાવેશ પામ્યું છે. આજેપણ ભારતમાં અનેક સ્થળોએ ધાર્મિક સમરસતાના દર્શન થાય છે. સૂફી સંતોની દરગાહ હોય, મંદિર હોય કે પછી ચર્ચ હોય ત્યાં ભારતીયોને આધ્યાત્મિક શાંતિ મળે જ છે. રાજસ્થાનના અજમેરમાં ખ્વાજા મોઇનુદ્દીન ચિસ્તીની દરગાહ પર બધા જ ધર્મના લોકો શ્રધ્ધાથી મસ્તક નમાવે છે. તો બીજી તરફ ઓરિસ્સાના જગન્નાથપુરીમાં મુસ્લિમ કવિ સાલબેગ ભગવાન જગન્નાથની પ્રશંસામાં કાવ્યો લખે અને એને શ્રેષ્ઠ ભક્તકવિ તરીકેની ઉપાધિ મળે છે. એ જ રીતે તામિલનાડુના નાગપટ્ટમમાં બધાં ધર્મનાં લોકો સારા સ્વાસ્થ્ય અને શાંતિ માટે મધર મેરીને પ્રાર્થના કરવા વેલનકન્ની ચર્ચમાં જાય છે.

આ રીતે ભારતીય સંસ્કૃતિ 'વિવિધતામાં એકતા'નું અદભૂત ઉદાહરણ છે. આ રીતે આપણે જાણી શકીએ કે વિવિધતા આપણને તોડતી નથી પરંતુ એકબીજાથી જોડીને રાખે છે. એ સહઅસ્તિત્વ, પ્રેમ અને સહનશીલતાનો સંદેશ આપે છે જે માત્ર ભારત માટે જ નહિ વિશ્વ માટે પ્રેરણાસ્રોત છે.

હવે વાત કરીએ એવાં સાહિત્યની કે જેમાં વિવિધતામાં એકતા દ્રષ્ટિગોચર થાય છે. 'મનોરથ'ની વાત કરીએ તો આ એક ગુજરાતી નવલકથા છે. નવલકથાના સર્જક છે રઘુવીર ચૌધરી. ૧૯૮૬માં પ્રગટ થયેલી આ નવલકથામાં ઈ.સ. ૧૯૮૫ની અમદાવાદની રથયાત્રાની વાત કરવામાં આવી છે. એ સમયે રથયાત્રા અને રમજાન ઈદ એક જ દિવસે હોવાથી પોલીસે રથયાત્રા પર મૂકેલા પ્રતિબંધની, એ પ્રતિબંધને તોડીને દમામભેર નિકળેલી રથયાત્રાની, અને એ રથયાત્રાને હરખભેર વધાવતા મુસ્લિમ સમાજની વાત કરવામાં આવી છે. એ સાથે એક દલિત-હરિજન યુવક પછાત જ્ઞાતિમાં જન્મેલો હોવાના કારણે પછડાટ ખાઈને પણ કઈ રીતે આગળ વધે છે એની વાત છે. પ્રસ્તુત શોધપત્રમાં હિન્દુ-મુસ્લિમ જ્ઞાતિના લોકોમાં કેવો સમભાવ-સહિષ્ણુતા દર્શાવાઈ છે એની વાત કરીશું.

નવલકથાની શરૂઆતમાં અમદાવાદની રથયાત્રા પર પ્રતિબંધ મુકાયો છે. સદાશિવ નામના પાત્રના મુખે કથા કહેવાઈ છે. તેઓ પત્રકાર ભગીરથના પિતા છે. મંદાકિની ભાગીરથની

માતા છે અને સાથે હિન્દુ ધર્મ અને રીતિ-રિવાજોની પ્રખર હિમાયતી છે. સર્વને મનમાં સંશય છે કે રથયાત્રા આ વર્ષે નહિ થાય. માત્ર મંદાકિનીને વિશ્વાસ છે કે રથયાત્રા નીકળશે. ભગીરથ પણ મનમાં તો ઇચ્છતો હતો કે રથયાત્રા નીકળે પરંતુ અષાઢી બીજના આગલા દિવસે સત્તાધારીઓએ જક્કી વલણ ધારણ કર્યું. ભાગીરથને પણ હવે તો વિશ્વાસ થઈ ગયો કે રથયાત્રા નીકળવાની નથી. આથી એ દિલ્હી જવાનુ ગોઠવે છે. જાય પણ છે. અને એના વતી એના પિતા શિવદાસ કેમેરો લઈને ફોટા પાડવા નિકળી પડે છે. આ સમયે રસ્તામાં એમને રહેમાન રિક્ષાવાળો મળે છે જેના દ્વારા શિવદાસને જાણ થાય છે કે મુસ્લિમ રહેમાનની રિક્ષામાં કોઈ હિન્દુ વ્યક્તિ બેસતો નથી. શિવદાસ જગન્નાથના મંદિરે પહોચ્યાં તો મંદિર બહાર પોલીસવાનનો ખડકલો જોવા મળે છે. શિવદાસ અંદરના પૂજારીઓ પાસે રથયાત્રા વિશે જાણવાનો પ્રયત્ન કરે છે પણ કોઈ સાચી માહિતી મળતી નથી. એ સમયે  અચાનક 'જય જગન્નાથ' અને 'હરી બોલ' એવાં શબ્દો કાને પડ્યા અને શણગારેલા રથોમાં બલરામ, સુભદ્રા અને શ્રીકૃષ્ણની પ્રતિમાઓ ગોઠવાઈ ગઈ હતી. થોડી જ વાર પહેલા મહંતશ્રીએ કહ્યું હતું કે પ્રતિબંધની રાજાજ્ઞા થઈ છે તો રથયાત્રા મંદિરમાં જ ફેરવવામાં આવે અને ફરીથી મૂર્તિઓને યથાસ્થાને પધરાવવામાં આવે. પરંતુ યુવાનો તો રથયાત્રા માટે ઉત્સાહિત બન્યા હતા. મુખ્યમંત્રીને ડર હતો કે ઈદના દિવસે રથયાત્રા છે તો કોમી રમખાણ થશે જ. પરંતુ અહી તો મુસ્લિમ યુવક ઇકબાલ રથને વધાવતા ગજરાજનો મહાવત છે. અને રથયાત્રાને અટકાવતાં પોલીસ અધિકારીઓને સંબોધતા મંદિરના મહંતશ્રી પ્રોફેસર કુરેશી સાહેબના ખભા પર ઊભા છે. પ્રોફેસર કુરેશી મુસ્લિમ હોવા છતાં રથયાત્રામાં જોડાયા છે. અને શિવદાસના આગ્રહને વશ થઈ એમની પુત્રવધૂ ઇલાના ઘરે નાસ્તો કરવા માટે પણ જાય છે. રથયાત્રા આગળ વધે છે . આશ્ચર્ય એ કે અમદાવાદનાં ખામસા ગેટ પાસે  મુસ્લિમ બિરાદરીના લોકો રથયાત્રાનું સામૈયું કરવા ઊભા છે. પ્રો. કુરેશી સાહેબ, યુવાન રિક્ષાવાળો રહેમાન, વગેરે એમાં શામેલ હતા. વળી રહેમાન તો ફૂલહાર લઈને હરખભેર નાચતો હતો. રઘુવીર ચૌધરીના શબ્દોમાં જોઈએ તો- "....ગાંધીના સપનાનું ભારત જોયું.....ઇસ્લામધર્મી સાલબેગ અને યવન હરિદાસ જેવાં ભક્તોએ પ્રાર્થનાકાવ્યો લખીને જગન્નાથની આરાધના કરી છે."(ચૌધરી રઘુવીર,મનોરથ). રથયાત્રા આગળ વધતી જાય છે ત્યારે પોતાના ઘરોની અટારીએ ઊભા રહીને મુસ્લિમ બાળકો પણ રથયાત્રાનો આનંદ માણે છે. જે રીતે પ્રો.કુરેશી શિવદાસ સાથે એમની પુત્રવધૂના ઘરે જાય છે એ જ રીતે હવે શિવદાસ પણ પ્રો.કુરેશીના ઘરે જાય છે અને પ્રો.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

કુરેશીના પત્ની સલમા પ્રેમથી એમને નાસ્તો પીરસે છે. રથયાત્રા શ્રધ્ધાથી આગળ વધી રહી છે. આ સમયે કર્ણિક જે મોટો રાજકારણી છે એ ગુપ્ત રીતે રથયાત્રાનું નિરીક્ષણ કરે છે. મુખ્યમંત્રીના ટેકેદારોએ રથયાત્રાના માર્ગને બદલવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ રથયાત્રા તો વર્ષોવર્ષથી ચાલી આવતા રસ્તા પર જ આગળ વધી. અને એ સમયે તોફાન થયું. આ તોફાનમાં ઇલાને ઘણું વાગ્યું . ખૂબ લોહી વહી ગયું. એને મિહિર દ્વારાં હોસ્પીટલમાં લાવવામાં આવી એ સમયે ઇલાના શબ્દો દ્વારાં ખબર પડે છે કે તોફાન તો થયું છે પરંતુ એ કઈ મુખ્યમંત્રીશ્રીને જે અંદાજ હતો એ પ્રમાણે મુસ્લિમો દ્વારાં નથી થયું. ઇલાના જ શબ્દોમાં જોઈએ તો- "...ધ્યાન રાખો કે આપણા ભાવિકો નિર્દોષ મુસ્લિમો પર હુમલો કરે નહિ."

પ્રસ્તુત નવલકથામાં આપણે જોઈ શકીએ છીએ કે કઈ રીતે હિન્દુ-મુસ્લિમ જ્ઞાતિના લોકો એકબીજા સાથે હળીમળીને રહે છે. અહી શિવદાસનું મુસ્લિમ રહેમાનની રિક્ષામાં બેસવું, એની સાથે આત્મીયતાથી વાત કરવી, પ્રો.કુરેશી અને શિવદાસનું એકબીજા સાથેનું વર્તન, ઈકબાલનું રથાયત્રાને આગળ દોરતા ગજરાજના મહાવત હોવું, રથયાત્રાનું મુસ્લિમ બિરદારીના સજ્જનો દ્વારાં સામૈયું થવું. અને અંતે તોફાનમાં ઘાયલ થયેલી ઇલાના મુખે ઉચ્ચારાયેલું વાક્ય સ્પષ્ટ કરી આપે છે કે અલગ અલગ ધર્મો હોવા છતાં પણ એકબીજા સાથે સાહચર્ય ધરાવે છે. એ રીતે આ નવલકથા વિવિધતામાં એકતાનું દર્શન કરાવે છે.

પ્રસ્તુત શોધપત્રમાં આવી જ એક બીજી નવલકથા વિશે વાત કરવાનો ઉપક્રમ છે. એ છે મોહન પરમારની નવલકથા 'સંકટ'. આ નવલકથામાં પણ અમદાવાદની જ બે ચાલ જેમાથી એક ચાલ મુસ્લિમ બિરદારીના લોકોની છે અને બીજી ચાલમાં હિન્દુઓ રહે છે. કોમી રમખાણો વખતે અમદાવાદની ચાલીઓમાં કેવું તણાવગ્રસ્ત વાતાવરણ હોય છે એની અને આ રમખાણોમાં બંને ધર્મો વચ્ચે જે પણ ખોટી ચંત્રણા હોય એ દૂર થાય છે એની વાત કરવામાં આવી છે.

નવલકથાની શરૂઆતમાં શાંતિલાલને (જે એક નિવૃત્ત શિક્ષક છે.) એક સ્વપ્ન આવે છે કે તેઓ જે ચાલીમાં રહે છે એના પર કઈંક સંકટ આવવાનું છે. આ ચાલી નારણ મુખીની ચાલી તરીકે ઓળખાતી હતી. અહી શાંતિલાલ રમેશ નામના વ્યક્તિને ચાલીના રક્ષણ માટે કહે છે અને નવયુવાનોને દૂષણોથી દૂર રહીને ભણીગણીને આગળ વધે એ માટે કઈંક કરવાનું કહે

છે. આ સમયે શાંતિલાલ મનોમન આ ચાલી કેવી રીતે અસ્તિત્વમાં આવી તેની વાતો યાદ કરે છે. નારણ ડોસા મૂળ મહેસાણાથી આવીને અહી વસ્યા હતા. પરંતુ તેઓ અહી આવ્યા ત્યારે રહેવાનુ કાંઈ ઠેકાણું ન હતું. મજૂરી કરીને પેટિયું રળતા. આ સમયે એમને ઇબ્રાહિમ નામના વ્યક્તિની ભાઈબંધી થયેલી અને એની મદદથી જ નારણ ડોસાએ આ ચાલી ખરીદી હતી. આ ઘટનામાં ઇબ્રાહિમની નારણ ડોસાને રહેઠાણ માટે મદદ કરવાની ભાવના એકતાનું દર્શન કરાવે છે.

શાંતિલાલે નિવૃત્તિ લીધા બાદ આ ચાલીમાં ઘણીબધી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી હતી. એક સમયે આટલી મોટી ચાલીમાં જાજરૂની વ્યવસ્થા નહતી તેમજ પાણી માટે પણ ચાલીના બધા સભ્યોએ ચોકમાં રહેલાં દસ-બાર નળમાંથી પાણી ભરવું પડતું હતું. આ બધી સમસ્યાઓ માટે શાંતિલાલને આ વિસ્તારના કોર્પોરેટર અઝિમખાનના સહયોગથી ઘરદીઠ નળની સુવિધા મેળવી હતી. અહી શાંતિલાલના અને અઝિમખાનના સુમેળભર્યા સંબંધનો ખ્યાલ આવે છે. આ ચાલીમાં ઉત્તર ગુજરાત, કાઠિયાવાડ, હવેલી, પરગણાના લોકો રહેતા હતાં. વણકર, રોહિત, બ્રાહ્મણ તેમજ રાવત જેવી જ્ઞાતિના લોકો રહેતા હતાં. અલગ અલગ જ્ઞાતિ હોવા છતાં અહી બધા સંપીને રહેતા હતાં. આ ચાલીની સામે જ મુસ્લિમોનો કસ્બો હતો. શાંતિલાલ અને શામળ વચ્ચેની ચર્ચા દ્વારા જાણવા મળે છે કે એ મુસ્લિમો વાર- તહેવારે આ ચાલીમાં ખાસ મિત્રની જેમ મળવા આવે છે. હિન્દુ નવવર્ષ હોય કે રમજાન ઈદ કે રક્ષાબંધન હોય આ બંને ચાલીના લોકો સાથે મળીને ઉજવે છે. અહી બધા ઉત્સવો હળીમળીને ઉજવવાની વાતમાં એમાં ભાઈચારાની લાગણી દેખાઈ આવે છે.

એક રાત્રે ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે ચાલીમાં ડાયરો રાખવામાં આવ્યો હતો. આ સમયે સામેના મુસ્લિમ કસ્બામાંથી જાણીતા મુસ્લિમ આગેવાનોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઘણા માણસો ભેગા થયાં હતાં. કાર્યક્રમ બરાબર જામ્યો જ હતો અને અચાનક બુમરાણ મચી ગઈ. ચોકમાં વચ્ચોવચ્ચ મારામારી ચાલુ થઈ ગઈ. સૌને એ સંશય હતો કે આ કાર્ય મુસ્લિમોનું હોવું જોઈએ. આ સમયે માત્ર શાંતિલાલ એક એવા વ્યક્તિ હતાં જેમને વિશ્વાસ હતો કે મુસ્લિમો આવું કૃત્ય ના જ કરે. આ સમયે અબ્દુલ, મહમ્મદભાઈ અને અન્ય મુસ્લિમ યુવકો જે આ ઘટનાને ડાયરાની બહારથી જોઈ રહ્યા હતા

એમણે પેલા હુમલાખોરોને ભાગાડ્યાં હતાં. આ પ્રસંગમાં પણ મુસ્લિમોની મદદ કરવાની ભાવના વ્યક્ત થાય છે. જે એકતાની સાબિતી આપે છે.

આ સિવાય શાંતિલાલ અને મુસ્લિમ કસ્બાના મહમ્મદભાઈની મિત્રતા પણ ભાઇચારાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. અહી ઈદના દિવસે શાંતિલાલ પત્ની વાલીબહેન સાથે કસ્બામાં ઈદમુબારક માટે જાય છે અને કાસ્બાનો એક સામાન્ય દુકાનવાળો અબ્દુલ ચાલીના નાકે આવેલા અંબામાતાના મંદિરે દર્શન કરી ચાલીમાં હોંશે હોંશે પ્રસાદ આપવા જાય છે. શાંતિલાલભાઈને પત્ની સહિત ઈદમુબારક માટે આવેલા જોઈ મહમ્મદભાઈ અને એમની પત્ની હરખઘેલા થઈ જાય છે અને ભાત ભાતની વાનગીઓ પ્રેમથી પીરસે છે. આ સમયે રઝાક, શાહબાઝ, આરીફખાન આવી શાંતિલાલ અને વાલીબેનને પગે લાગે છે. અને પોતાના ઘરે આમંત્રિત કરે છે. અહી શાંતિલાલના શબ્દોમાં જોઈએ તો- 'આવો ભાઈચારો ભગવાન કરે ને કાયમ રહે.....'(પરમાર મોહન, સંકટ.)

એકવાર નવરાત્રીના દિવસોમાં તોફાન થયું અને બીજા દિવસે પોલીસ કસ્બામાં તપાસ માટે આવે છે. ત્યારબાદથી મહમ્મદભાઈનું વર્તન બદલાય જાય છે. બહુ પૂછવાથી શાંતિલાલભાઈને ઉદાસીનું કારણ બતાવે છે. અને પછી મનની વાત શાંતિલાલને કહે છે. રમેશ રામમંદિરના બાંધકામની ચર્ચા માટે રામનગર જવાનો હતો. આ રામમંદિર આશ્રમની બાજુની મસ્જિદ તોડીને બંધાવાનુ હતુ. આ સમયે કસબાના મહમ્મદભાઈ જ શાંતિલાલ મારફત પ્રયત્ન કરે છે રમેશ ત્યાં ન જાય અને સ્વીકારે પણ છે કે બધા મુસલમાનો કઈ સારા નથી કેટલાક એવા છે કે જેઓ કોમી હુલ્લડનું કારણ બને છે. અને ખરેખર આ મુદ્દે શહેરમાં હિન્દુ-મુસલમાન વચ્ચે મારમારી થાય છે. મહમ્મદભાઈ શાંતિલાલને વાલીબહેન માટે રક્ષાબંધનની ભેટ તરીકે સાડી આપે છે. અને મહમ્મદ ભાઈની પત્ની અને બીજી મુસ્લિમ બહેનો શાંતિલાલને રાખડી બાંધવા આવે છે અહી ધાર્મિક એકતાના દર્શન થાય છે. નવલકાથાના અંતે શહેરમાં હુલ્લડ થાય છે અને આ કોમી રમખાણ ચાલી અને કસ્બા સુધી આવી જાય છે. ચાલી વાળાઓને દહેશત છે કે આ તોફાનો મુસલમાનોએ જ કરાવ્યા છે. અને આથી જો ચાલી પર હુમલો કરે તો સામનો કરવા માટે હથિયારની ટ્રક પણ બોલાવીને તૈયાર રાખે છે. આ સમયે શાંતિલાલ અને મહમ્મદ ભાઈની કુનેહથી ચાલી અને કસ્બા વચ્ચેની ગેરસમજ દૂર થાય છે અને ખબર પડે છે કે આ

કોમી હુલ્લડો કરાવનાર મુસલમાન નહતા બીજા જ કોઈ અસામાજિક તત્વો હતા જે બંને જ્ઞાતિના લોકો વચ્ચે ગેરસમજ ઊભી કરી  લડાવવા ઇચ્છતા હતા. આ નવલકથામાં પણ દરેક પ્રસંગોમાં હિન્દુ-મુસ્લિમ જ્ઞાતિના લોકો વચ્ચે ભાઈચારો જોવા મળે છે.

આમ,ભારત દેશ વિવિધતામાં એકતા માટેનું જે  શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે એની છાપ મે પસંદ કરેલી બંને નવલકથાઓમાં સ્પષ્ટ રીતે ઊપસેલી જોવા મળે છે.

આધારગ્રંથો-

૧. ચૌધરી રઘુવીર, મનોરથ, રન્નાદે પ્રકાશન-અમદાવાદ, બીજી આવૃત્તિ-૨૦૧૧.

૨. પરમાર મોહન, સંકટ, રન્નાદે પ્રકાશન-અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૧૨.

૩.ભારત- સાંસ્કૃતિક વિવિધતામે એકતા, રાષ્ટ્રીય શૈક્ષિક અનુસંધાન ઓર પ્રશિક્ષણ પરિષદ.